

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 064
Dt.: 07-01-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa

અગાઉ ૨૦૨૨માં પણ ઈરાનમાં આ જ પ્રકારે દેશવ્યાપી આંદોલનો થયા હતા

## ઈરાનમાં ભારેલો અગ્નિ! સરકાર વિરોધી દેખાવોમાં ૩૫ના મોત, ૧૨૦૦ની ધરપકડ

### રિપોર્ટમાં દાવો કરાયો છે કે હિંસક આંદોલનોમાં ૨૫૦થી વધુ પોલીસ જવાનો અને ૪૫ જેટલા અર્ધલશ્કરી દળોના જવાનો ઘાયલ થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનમાં મોંઘવારી અને નબળી અર્થવ્યવસ્થાના વિરોધમાં શરૂ થયેલું આંદોલન સરકારને ઉથલાવવાના આંદોલનમાં બદલાઈ ગયું છે. લોકો ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લા અલી ખામેનેઈને હટાવવા રસ્તા પર ઉતરી આવી છે. ઈરાનના તેહરાન, ઈસ્ફહાન, મશહદ, શિરાજ અને કોમ સહિતના મુખ્ય શહેરોમાં મોટા પ્રમાણમાં દેખાવો થઈ રહ્યા છે. જોકે ઈરાનની સરકારનું માનવું છે કે આ આંદોલન વિદેશી ષડ્યંત્ર છે. સરકાર આંદોલનને બળપૂર્વક કચડવા પ્રયાસ કરી રહી છે. આયાતોલ્લા અલી ખામેનેઈએ બે દિવસ પહેલા જ ચેતવણી આપી હતી કે હિંસક તત્વોને તેમની જગ્યા બતાવીશું. ન્યૂઝ એજન્સી અનુસાર ઈરાનમાં સરકાર વિરોધી હિંસામાં અત્યાર સુધી ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે આ દેખાવો હજુ શાંત થાય તેવા કોઈ સંકેત નથી. રિપોર્ટમાં દાવો કરાયો છે કે હિંસક આંદોલનોમાં ૨૫૦થી વધુ પોલીસ જવાનો અને ૪૫ જેટલા અર્ધલશ્કરી દળોના જવાનો ઘાયલ થયા છે. સત્તા વિરોધી દેખાવોમાં હિંસા વધતાં અમેરિકાના હસ્તક્ષેપની સંભાવના પણ વધી રહી છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત ઈરાનને ચેતવણી આપી રહ્યા છે કે જો ઈરાનમાં આંદોલન કરી રહેલા લોકોની હત્યા થઈ અમેરિકા તેમની મદદ માટે આગળ આવશે. હાલમાં જ અમેરિકાએ વેનેઝુએલા પર પણ હુમલો કર્યો હતો. જે બાદથી ટ્રમ્પનો આત્મવિશ્વાસ વધી ગયો છે. વેનેઝુએલાના પ્રમુખ માદુરો ઈરાનના સમર્થક હતા.

નોંધનીય છે કે અગાઉ ૨૦૨૨માં પણ ઈરાનમાં આ જ પ્રકારે દેશવ્યાપી આંદોલનો થયા હતા. ૨૨ વર્ષની યુવતીએ હિજાબ ન પહેરતા તેની ધરપકડ કરવામાં આવી હતી. જેના વિરોધમાં ઈરાનમાં ઠેર ઠેર હિંસક પ્રદર્શનો થયા હતા.ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લા અલી ખામેનેઈ અને રશિયા સાથેના તેમના સંબંધો અંગે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. બ્રિટિશ અખબાર 'ધ ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, જો ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો હિંસક બનશે અને સરકાર પડી ભાંગશે તો ખામેનેઈએ રશિયાના મોસ્કો શહેર ભાગી જવાનો એક સિક્રેટ એસ્કેપ પ્લાન તૈયાર કર્યો છે.

અહેવાલો અનુસાર, ૮૬ વર્ષીય આયાતોલ્લા ખામેનેઈએ રશિયાને સુરક્ષિત આશ્રય સ્થાન તરીકે પસંદ કર્યું છે. આ યોજના મુજબ, જો ઈરાનના સુરક્ષા દળો અને સેના આંદોલનકારીઓને રોકવામાં નિષ્ફળ જશે કે બળવો હિંસક બની જશે, તો ખામેનેઈ તેમના પરિવાર અને અંદાજે ૨૦ જેટલા નજીકના સાથીદારો સાથે તેહરાન છોડી રશિયામાં શરણ લેશે. આ યાદીમાં તેમના પુત્ર મોજતબાનું નામ પણ સામેલ હોવાનું મનાય છે, જેમને તેમના અનુગામી માનવામાં આવે છે.

ગુનેગારોને ૧૪ વર્ષ જેલની સજા થઈ શકે

## યુકેમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના ફોન, સિમ કાર્ડ જપ્ત કરી લેવાશે

### માનવ તસ્કરી પર તવાઈ બોલાવવા ક્રાઈમ એજન્સી, પોલીસ અને ઈમિગ્રેશન અધિકારીને રેડ તપાસ દરમિયાન આવી જપ્તીની સત્તા

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન,

બોટમાં સવાર થઈને ઈંગ્લિશ ચેનલ મારફતે જીવના જોખમે યુકેમાં ગેરકાયદે વસવાટ કરવાનું સાહસ કરતા લોકો માટે માઠા સમાચાર છે. હવેથી તંત્રને મળેલી નવી સત્તા હેઠળ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પાસે રહેલા મોબાઈલ ફોન તથા છુપાવેલા સિમ કાર્ડ્સ પણ જપ્ત કરવામાં આવશે. નવા નિયમોનો સોમવારથી અમલ કરાયો છે. અધિકારીઓને ઈમિગ્રન્ટની ધરપકડ કર્યા વગર સીધા જ તેના ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને સિમ કાર્ડ્સ જપ્ત કરવાની સત્તા અપાઈ છે. જેની મદદથી તંત્રને યુકેમાં ગેરકાયદે ઘૂસાડનારા શખ્સો સુધી પહોંચવામાં સરળતા મળશે.યુકે ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, ગેમ ચેન્જર ગણાતી ફોજદારી ગુના માટેની આ જોગવાઈઓની મદદથી અધિકારીઓને સંગઠીત ગુનેગારોને ઝડપથી પકડવા મહત્વની માહિતી પ્રાપ્ત થઈ શકશે.



બ્રિટનના સરહદી સુરક્ષા અને આશ્રય મંત્રી એલેક્સ નોરિસે જણાવ્યું કે, અમે દેશની સરહદો પર વ્યવસ્થા અને સુરક્ષા બહાલ કરવાનો વાયદો કર્યો હતો, જેનો અર્થ અમે માનવ તસ્કરીના ઘાતક નેટવર્ક ચલાવનારા તત્વો પર તવાઈ લાવવા નવો મજબૂત કાયદો અમલમાં મુકી રહ્યા છીએ. નવા કાયદા હેઠળ રાષ્ટ્રીય ક્રાઈમ એજન્સી (એનસીએ), પોલીસ તથા અન્ય ઈમિગ્રેશન એન્ફોર્મેન્ટ અધિકારીને હવે ગેરકાયદે વસાહતીની મિલકત કે વાહનની તપાસ અર્થેની રેડ દરમિયાન તેમના મોબાઈલ ફોન અને સિમ કાર્ડ્સ જપ્ત કરવાની સત્તા અપાઈ છે. જેમાં ઈમિગ્રન્ટ્સની બહારનો કોટ, જેકેટ અથવા હાથના મોજા કાઢીને પણ તપાસ કરાશે. જરૂરી કેસમાં સિમ કાર્ડ શોધવા મોંઢામાં સર્ચ કરી શકાશે.બ્રિટનમાં સરહદી સુરક્ષા, આશ્રય અને ટ્રેસપાર્સિંગ અધિનિયમ લાગુ થવાની સાથે હવે તપાસ અધિકારીઓ બોટના એન્જિન સહિતની વસ્તુને સ્થળાંતરિત કરવા, એકત્ર કરવા અથવા પૂરી પાડવા માટે સંદિગ્ધો પર પણ આરોપ લગાવી શકશે. ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને બોટ વગેરે મારફતે બ્રિટનમાં ઘૂસાડવામાં આવે છે. આવા કેસમાં હવે દોષીતોને ૧૪ વર્ષ સુધીની જેલની સજા પણ થઈ શકે છે. ઈમિગ્રન્ટ્સને છુપાવવા માટે મોટા ડબ્બાની આયાત, ઉત્પાદન અથવા મેળવવામાં મદદ કરનારા ગુનેગારોને પણ પાંચ વર્ષ સુધી જેલની સજા થઈ શકે છે, તેમ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું.

સુરેશ કલમાડી વાયુસેનામાં પાયલોટ હતા

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા સુરેશ કલમાડીએ ૮૨ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

### કોંગ્રેસના દિગ્ગજ નેતા સંજય ગાંધી તેમને રાજકારણમાં લાવ્યા હતા: તે સમયે સુરેશ કલમાડી પૂણેમાં ફાસ્ટફૂડ આઉટલેટ ચલાવતા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કલમાડીનું લાંબી બીમારી બાદ નિધન થયું છે. તેમને સારવાર માટે પૂણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ આજે બપોરે બે વાગ્યા સુધી પૂણેના કલમાડી હાઉસમાં રાખવામાં આવશે. જે બાદ નવી પેઠ સ્થિત વૈકુંઠ સ્મશાન ભૂમિમાં તેમના અંતિમ સંસ્કાર કરાશે. નોંધનીય છે કે પૂણેમાં રહેતા સુરેશ કલમાડી 1960ના દાયકામાં ભારતીય વાયુસેનામાં પાયલોટના રૂપમાં સામેલ થયા હતા. ત્યાં તેમણે છ વર્ષ સેવા આપી. બાદમાં તેઓ બે વર્ષ સુધી NDAમાં ટ્રેનર તરીકે ફરજ બજાવતા હતા. તેમણે વર્ષ 1965 અને 1971 એમ બે વખત પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધમાં પણ સેવા આપી. કોંગ્રેસના દિગ્ગજ નેતા સંજય ગાંધી તેમને રાજકારણમાં લાવ્યા હતા. તે સમયે સુરેશ કલમાડી પૂણેમાં ફાસ્ટફૂડ આઉટલેટ ચલાવતા હતા. તેમને મહારાષ્ટ્ર યુવા કોંગ્રેસની કમાન સોંપવામાં આવી. 1982માં તેઓ રાજ્યસભાના સાંસદ બન્યા. 1996માં તેઓ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ રહ્યા અને ચાર-ચાર વર્ષના બે કાર્યકાળમાં તેમણે પ્રમુખ પદ જાળવી રાખ્યું. તેમના પર કોમનવેલ્થ ગેમ્સમાં કૌભાંડના આરોપ લાગ્યા હતા અને CBIએ તેમના ઘરે દરોડા પાડી તપાસ પણ કરી હતી. જોકે ગયા વર્ષે જ પુરાવા ન હોવાના કારણે તેમને ક્લીન ચિટ અપાઈ હતી.



હુકમની નકલ સાથે બે સપ્તાહમાં કેન્દ્ર સમક્ષ રજૂઆત કરવા નિર્દેશ

## કેન્દ્ર ચાર મહિનામાં EPFOમાં પગારમર્યાદા અંગે નિર્ણય કરે: SC

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્રને મહત્વની ટકોર કરતા કેન્દ્રને ચાર મહિનામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ) યોજનામાં પગારની મર્યાદામાં ફેરફાર માટે નિર્ણય લેવા જણાવ્યું છે. પગાર મર્યાદામાં છેલ્લા એક દાયકાથી વધુ સમયથી કોઈ ફેરફાર કરાયો નહીં હોવાથી મોટાભાગનો વર્ગ આ યોજનાના લાભોથી વંચિત રહ્યો હોવાનું સુપ્રીમ કોર્ટ સમક્ષ એક અરજીમાં જણાવાયું છે. જસ્ટિસ જે કે મહેશ્વરી અને જસ્ટિસ એ એસ ચંદુરકરની ખંટપીઠે કાર્યકર્તા નવીન પ્રકાશ નૌટિયાલે કરેલી અરજી પર હુકમ કર્યો હતો. આ અરજીમાં દાવો કરાયો હતો કે, કર્મચારીઓ માટેની સામાજિક સુરક્ષા યોજનાનું સંચાલન કરતા કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને હાલમાં પ્રતિ માસ ૧૫,૦૦૦થી વધુનું વેતન ધરાવતા કર્મચારીઓને બાકાત રાખ્યા છે. એડ્વોકેટ પ્રણવ સચદેવ અને નેહા રાઠીએ બેન્ચને જણાવ્યું કે, ૧૧ વર્ષથી પગાર મર્યાદામાં કોઈ ફેરફાર કરાયો નથી, જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા નિર્ધારિત લઘુત્તમ પગાર ઈપીએફઓની પ્રતિ મહિના ૧૫,૦૦૦ની મર્યાદાથી વધુ છે. આ જ કારણથી મોટાભાગના કર્મચારીઓ/શ્રમિકો ઈપીએફઓ યોજનાના લાભ અને સુરક્ષાથી વંચિત રહ્યા છે. નિર્ધારિત પગાર મર્યાદાથી વધુ આવક ધરાવતા કર્મચારીઓને આ યોજનાનો લાભ મળતો નથી. બેન્ચે નૌટિયાલની અરજીનો નિકાલ કરતા તેમને હુકમની નકલ સાથે બે સપ્તાહમાં કેન્દ્ર સમક્ષ રજૂઆત કરવા નિર્દેશ કર્યો. કેન્દ્ર સરકારને ચાર મહિનામાં આ મામલે નિર્ણય લેવા આદેશમાં સ્પષ્ટતા કરાઈ છે.નૌટિયાલે અરજીમાં કલમ ૧૪ અને ૨૧ હેઠળ મૂળભૂત અધિકારોના અમલીકરણ અને કર્મચારી ભવિષ્ય નિધિ યોજના, ૧૯૫૨ હેઠળ વેતન મર્યાદાના મનસ્વી અને અનિયમિત સુધારા અંગેના નિર્દેશો માંગ્યા છે, જે કર્મચારી ભવિષ્ય નિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨ હેઠળ ઘડાયા છે. ૧૬મી લોકસભાની જાહેર હિસાબ સમિતિ (પીએસી) તથા ઈપીએફઓની સબ કમિટી (૨૦૨૨) બન્નેએ સમયાંતરે પગાર મર્યાદામાં તર્તસંગત વધારાની ભલામણ કરી હતી, મધ્યસ્થ બોર્ડ (ઈપીએફ)એ જુલાઈ ૨૦૨૨માં મંજૂરી આપી હોવા છતાં કેન્દ્રે આ ભલામણ પર કોઈ કાર્યવાહી કરી નહતી. અરજીમાં જણાવ્યા મુજબ છેલ્લા ૭૦ વર્ષમાં પગાર મર્યાદામાં બદલાવ કેન્દ્રીય કર્મચારીઓના લઘુત્તમ વેતન, આવકવેરા મુક્તિ મર્યાદા, માથાદીઠ આવકમાં વાર્ષિક વૃદ્ધિની તુલનાએ સુસંગત નથી.

## વેનેઝુએલાના કારાકાસમાં રાષ્ટ્રપતિ ભવન નજીક ગોળીબાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વેનેઝુએલા

વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં રાષ્ટ્રપતિ ભવન નજીક ફરી એકવાર ગોળીબાર અને વિસ્ફોટોથી વેનેઝુએલા હચમચી ઉઠ્યું. આ ઘટના સોમવારે રાત્રે બની હતી. સુરક્ષા દળોએ રાષ્ટ્રપતિ ભવન (મીરાફ્લોરેસ પેલેસ) ઉપર અજાણ્યા ડ્રોનને ઉડતા જોયા હતા અને ત્યારબાદ તેમના પર ગોળીબાર (Gunfire) કર્યો હતો. આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે ૮:૦૦ વાગ્યે બની હતી, જેના કારણે વ્યાપક ગભરાટ ફેલાયો હતો. ગોળીબાર દરમિયાન કેટલાક વિસ્તારોમાં વીજળી પણ કાપી નાખવામાં આવી હતી. સુરક્ષા દળોએ તાત્કાલિક પ્રતિક્રિયા આપી હતી. પરિસ્થિતિ હાલમાં નિયંત્રણમાં છે.એ નોંધવું જોઈએ કે આ ગોળીબાર એવા સમયે થયો હતો જ્યારે અમેરિકાએ વેનેઝુએલા સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીની ધરપકડ કરી હતી. સોમવારે ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા.

## સ્પામ કોલ, મેસેજ રોકવામાં નિષ્ફળ ટેલિકોમ કંપનીઓને રૂપિયા ૧૫૦ કરોડનો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટેલિકોમ રેગ્યુલેટર Trai (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા) એ સ્પામ કોલ્સ અને મેસેજ પર અંકુશ મેળવવામાં નિષ્ફળ રહેવા બદલ ટેલિકોમ ઓપરેટરો પર 150 કરોડનો દંડ ફટકાર્યો છે તેમ એક સત્તાવાર સૂત્રે જણાવ્યું છે. વર્ષ 2020થી શરૂ કરીને ત્રણ વર્ષ માટે લાદવામાં આવેલા આ રૂ. 150 કરોડના દંડને ટેલિકોમ ઓપરેટરોએ કોર્ટમાં પડકાર્યો છે. સૂત્રે ઉમેર્યુ હતું કે, "ગ્રાહકોની ફરિયાદો ખોટી રીતે બંધ કરવા અને નિયમો મુજબ સ્પામર્સના ટેલિકોમ કનેક્શન સામે પગલાં ન લેવા બદલ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs) પર 150 કરોડથી વધુનો નાણાકીય દંડ લાદવામાં આવ્યો છે."ટ્રાઈ નિયમોનું પાલન ન કરતાં ટેલિકોમ ઓપરેટરો પર દંડ લાદે છે. નિયમો અનુસાર, ટેલિકોમ ઓપરેટર માટે પ્રતિ લાયસન્સ સર્વિસ એરિયા દીઠ દર મહિને રૂ. 50 લાખ સુધીના દંડની જોગવાઈ છે.

સૂત્રે સ્પષ્ટતા કરતા કહ્યું કે, "એ નોંધવું મહત્વનું છે કે આ દંડ ટેલિકોમ કંપનીઓ પર એટલા માટે નથી લાગ્યો કે કોઈએ તેમના નેટવર્ક પરથી સ્પામ મોકલ્યું છે, પરંતુ એટલા માટે લાગ્યો છે કે તેઓ નિયમો અનુસાર સ્પામર્સ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા છે."છેલ્લા એક વર્ષમાં 21 લાખથી વધુ સ્પામર્સના જોડાણ કાપી નાખવામાં આવ્યા છે અને 1 લાખથી વધુ સંસ્થાઓને બ્લેકલિસ્ટ કરવામાં આવી છે.




મેટાની નવી પોલિસીથી યુઝર્સ પરેશાન

## FB-ઈન્સ્ટા પર તમારી દરેક હરકત પર નજર રાખશે AI!

### યુઝર્સ હવે AIને ટ્રાવેલ, ફૂડ અથવા તો કોઈ પણ વિષય પર સવાલ પૂછશે તો યુઝર્સને એ વિશેની એડ્સ જોવા મળવાની શરૂ થઈ જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મેટાની નવી પોલિસીને લઈને સોશિયલ મીડિયા યુઝર્સ પરેશાન થઈ રહ્યાં છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને થ્રેડ્સના યુઝર્સને હવે એક ડર લાગી રહ્યો છે કે કંપની દ્વારા હવે AIની મદદથી તેમના પર નજર રાખવામાં આવી રહી છે.

પહેલાં કરતા વધુ નજર રાખવાનું પ્લાનિંગ હવે મેટા AIની મદદથી કરી રહી છે. મેટાનું કહેવું છે કે AIની મદદથી યુઝર્સ તેમની ઈચ્છાની એડ્સ જોઈ શકશે, પરંતુ એક્સપર્ટ દ્વારા એને ખતરાની ઘંટી ગણવામાં આવી રહી છે.

મેટા હવે AIની મદદથી એડ્સનો બિઝનેસ કરી રહ્યું છે. આ કોઈ નાનો બદલાવ નથી. એના કારણે મેટા કંપની તેમની દરેક પ્રોડક્ટમાં હવે પહેલાં કરતાં AIનો ઉપયોગ વધુ કરશે. આ AI હવે વધુ બારિકાઈથી યુઝર્સના ઉપયોગ પર ધ્યાન રાખશે જેના કારણે તેમને એડ્સ કઈ દેખાડવી એ નક્કી કરી શકાય.અત્યાર સુધી યુઝર્સની પર્સનલ માહિતીને ડેટા ગણવામાં આવતાં હતાં. જોકે AI આવવાથી હવે એ યુઝર્સની લાઈકથી લઈને સર્ચ અને કઈ પોસ્ટ જોવામાં આવે છે અને મેટા AI સાથે શું વાતચીત કરવામાં આવે છે એ દરેક બાબત પર ધ્યાન રાખવામાં આવશે. આથી યુઝર્સના મેસેજ, એમાં થતી વાતચીત અને એમાં ઉપયોગમાં લેવામાં આવતાં કીવર્ડ વગેરે માહિતી એલ્ગોરિધમ સુધી પહોંચી શકે છે. મેટા કંપની દ્વારા એ દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમના દ્વારા મેસેજને માણસ જે રીતે વાંચે છે એ રીતે વાંચવામાં નથી આવતાં. જોકે એક્સપર્ટ દ્વારા યુઝર્સને ચેતવી દેવામાં આવ્યાં છે કે તમે જે વાત કરશો એના આધારે પણ તમને એડ્સ દેખાડવામાં આવી શકે છે.મેટા AI સંપૂર્ણ રીતે વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકમાં કાર્યરત છે. જો યુઝર્સ હવે AIને ટ્રાવેલ, ફૂડ અથવા તો કોઈ પણ વિષય પર સવાલ પૂછશે તો યુઝર્સને એ વિશેની એડ્સ જોવા મળવાની શરૂ થઈ જશે. કંપનીનું કહેવું છે કે એની મદદથી યુઝર્સને કોઈ પણ એડ્સ દેખાડવા કરતાં તેમની પસંદગીની એડ્સ જોવા મળશે જેથી યુઝર્સને પણ કંટાળો નહીં આવે.

# તંત્રી લેખ......

## ઉચ્ચ શિક્ષણ સમસ્યાઓના ઉકેલો

શિક્ષણને ફક્ત ડિગ્રી પ્રાપ્ત કરવા તરીકે વ્યાખ્યાયિત કરી શકાતું નથી. શિક્ષણ એ શક્તિ છે જે જીવનને દિશા આપે છે. સફળ શિક્ષણ વ્યક્તિના વિચારસરણીમાં પરિવર્તન લાવી શકે છે, તેમને જીવનમાં હેતુ આપી શકે છે અને તેમની છુપાયેલી ક્ષમતાને સાકાર કરવાની મંજૂરી આપી શકે છે. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ એ એક એવો તબક્કો છે જ્યાં યુવાનો તેમની રુચિઓ અને ક્ષમતાઓને ઓળખે છે અને તેમના ભવિષ્યનું અન્વેષણ કરવાનું શરૂ કરે છે. જ્યારે શાળાકીય શિક્ષણ આપણી આસપાસની દુનિયા વિશે જ્ઞાન પ્રદાન કરે છે, ત્યારે ઉચ્ચ શિક્ષણ વિદ્યાર્થીઓને તેમના પોતાના વિકલ્પો શોધવાની સ્વતંત્રતા આપે છે. ઉચ્ચ શિક્ષણ એ વિવિધ વિષયો અને ક્ષેત્રોને સમજવાનો અને જીવનમાં તેઓ શું કરવા માંગે છે તે નક્કી કરવાનો સમય છે. આ પ્રક્રિયા સરળ નથી, પરંતુ જટિલ છે. વિદ્યાર્થીને મુક્તપણે પોતાનો માર્ગ પસંદ કરવા સક્ષમ બનાવવા માટે મજબૂત સંસ્થાઓ, સંસાધનો અને સતત પ્રયત્નોની જરૂર છે.

ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં સંસ્થા નિર્માણ એક મહત્વપૂર્ણ પડકાર છે. આજે, દેશની વસ્તીના લગભગ ૬૫ ટકા લોકો ૩૫ વર્ષથી ઓછી ઉંમરના છે. દર વર્ષે, લાખો વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે શાળા છોડી દે છે, પરંતુ સંસ્થાઓ પાસે દરેકને સમાવવા માટે પૂરતી બેઠકો નથી. પરિણામે, સ્પર્ધા વધુ તીવ્ર બની રહી છે, અને પરીક્ષાઓ વધુ પ્રમાણભૂત બની રહી છે. વધુમાં, સિસ્ટમ ઘણીવાર વહીવટી સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તીવ્ર વાતાવરણમાં, દરેક વિદ્યાર્થીની અનન્ય ઓળખ અને ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવું અશક્ય બની જાય છે. આજે, ભારતમાં આશરે ૭૦,૦૧૮ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ છે.

જ્યારે આ પ્રોત્સાહક લાગે છે, તે હજુ પણ દેશની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અપૂરતું છે. મોટી સંખ્યામાં યુવાનો હજુ પણ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ શોધી રહ્યા છે. પુરવઠાનો અભાવ વિદ્યાર્થીઓના ક્યાં અભ્યાસ કરવો તે અંગેના નિર્ણયોને અસર કરે છે. કડક ઈમિગ્રેશન નીતિઓ હોવા છતાં, મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા જઈ રહ્યા છે. કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમ તેમના ટોચના સ્થળો છે. જોકે, ફ્રાન્સ, આયર્લેન્ડ અને ઈટાલી પણ વધુને વધુ લોકપ્રિય બની રહ્યા છે. જાન્યુઆરી ૨૦૨૫ ના ડેટા અનુસાર, ૧.૨ મિલિયનથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા હતા. આ આંકડો સ્પષ્ટપણે જરૂરિયાત અને ઘરે મર્યાદિત વિકલ્પોને પ્રકાશિત કરે છે. આ પડકારોમાંથી, મહાન તકો પણ ઊભી થાય છે.

ઝડપથી બદલાતી દુનિયામાં, પ્રાથમિક તક નવીનતામાં રહેલી છે. ભારતમાં, આપણને વધુ આંતરશાખાકીય કાર્યક્રમોની જરૂર છે. આપણે એવા કાર્યક્રમો પર વિચાર કરવો જોઈએ જે ટેકનોલોજી, પર્યાવરણ, માહિતી અને સર્જનાત્મક ક્ષેત્રોને જોડે. મેનેજમેન્ટ, કાયદો અને દવા જેવા પરંપરાગત અભ્યાસક્રમોની પણ ફરીથી તપાસ કરવાની જરૂર છે. નવીન અભ્યાસક્રમ, સુધારેલી ટેકનોલોજી અને ઉદ્યોગ સાથે શિક્ષણના એકીકરણ દ્વારા, ભારતીય સંસ્થાઓ તેમની વૈશ્વિક સ્થિતિને મજબૂત બનાવી શકે છે. બીજી એક મોટી તક ડિજિટલ શિક્ષણ છે. હાઈબ્રિડ મોડેલો, જે ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણને જોડે છે, તે અસરકારક બની શકે છે. જો યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તો, આ મોટા પાયે શિક્ષણનું ફાયદાકારક માધ્યમ પૂરું પાડી શકે છે. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં, જ્યાં વિદ્યાર્થીઓ દૂરના વિસ્તારોમાં રહે છે, ડિજિટલ શિક્ષણ અસરકારક ઉકેલ પ્રદાન કરે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૦૯ અને ચાંદીના વાયદામાં રૂ.૩૮૧૧ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં રૂ.૧૭નો સુધારો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૩૪૯.૧૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૨૮૨૮.૭૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૭૮૩.૬૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૦૯૮ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૯૧૮૭.૧૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૩૪૯.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૨૮૨૮.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૬૦૯૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૯૮૭.૭૩ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૭૭૮૩.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૬૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૭૭૬ અને નીચામાં રૂ.૧૩૮૦૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૮૧૨૦ના આગલા બંધ સામે રૂ.૩૦૯ વધી રૂ.૧૩૮૪૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૯ વધી રૂ.૧૧૩૨૬૫ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૦ વધી રૂ.૧૪૧૬૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૪ વધી રૂ.૧૩૮૪૦૦ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૭૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૯૪૦૦ અને નીચામાં રૂ.૧૩૮૭૭૫ના મથાળે અથડાઈ, રૂ.૧૩૮૬૧૯ના આગલા બંધ સામે રૂ.૬૪૧ વધી રૂ.૧૩૯૨૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૪૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૧૦૫૦ અને નીચામાં રૂ.૨૪૬૮૮૮ના મથાળે અથડાઈ, રૂ.૨૪૬૧૫૫ના આગલા બંધ સામે રૂ.૩૮૧૧ વધી રૂ.૨૪૯૯૬૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૬૦૪ વધી રૂ.૨૫૧૮૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૩૬૭૧ વધી રૂ.૨૫૧૮૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૬૪૪૨.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૧૧.૫૫ વધી રૂ.૧૩૨૪.૮૫ થયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૩.૮૫ વધી રૂ.૩૧૪.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૫.૪ વધી રૂ.૩૧૧.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો રૂ.૪.૯૫ વધી રૂ.૧૮૯.૩૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૯૩.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૬૫ અને નીચામાં રૂ.૪૨૧૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૫ વધી રૂ.૪૪૩૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૦૪ અને નીચામાં રૂ.૫૨૩૦ના મથાળે અથડાઈ, રૂ.૫૨૭૦ના આગલા બંધ સામે રૂ.૧૭ વધી રૂ.૫૨૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૭ વધી રૂ.૫૨૮૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૮ ઘટી રૂ.૩૧૦.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૫ ઘટી રૂ.૩૧૦.૪ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૭ના ભાવે ખૂલી, રૂ.૨.૭ ઘટી રૂ.૧૦૧૩ થયો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૧૦૦ વધી રૂ.૨૫૯૧૦ થયો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૦ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૬૭૦ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૮૨૭.૯૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૫૯૫૫.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૫૩૩૬.૨૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૨૩.૧૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૨.૨૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫૬.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૧.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૭૦.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૦૧.૮૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૮૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૭૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૧૫૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૩૭૯૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૧૨૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૨૦૮૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૬૫૮૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૬૨૯૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૨૫૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૯૭૩૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૪૧૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૮૪૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૬૦૯૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૭૫૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૧૬૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૭૫૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૦૫ પોઈન્ટ વધી ૩૬૦૯૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૨ વધી રૂ.૧૦૦.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૦૫ ઘટી રૂ.૨૧.૨૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૮૫૬.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૧.૫ વધી રૂ.૧૦૦૦૦ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮૯ ઘટી રૂ.૬૩ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૩ પૈસા ઘટી રૂ.૬.૫૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૯ ઘટી રૂ.૬૩.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૨૦.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫.૫ ઘટી રૂ.૪૧૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૨૮ ઘટી રૂ.૫૫૫૦ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬.૨૪ ઘટી રૂ.૩૭.૦૨ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪ વધી રૂ.૩ થયો હતો.

## ૪૧ વર્ષીય યુવકને લગ્નની લાલચ આપીને મહિલા એજન્ટ, લૂંટેરી દુલ્હને ૨.૨૫ લાખ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અસલાલીના એક ગામમાં રહેતા યુવકને લૂંટેરી દુલ્હનનો ભેટો થયો હતો. આ યુવકને ધોળકા અને વડોદરાની મહિલા એજન્ટે એક યુવતી સાથે પરિચય કરાવ્યો હતો અને બાદમાં લગ્ન કરનાર યુવતીના પિતાને લકવો હોવાથી સારવારનો ખર્ચ અને ખરીદી પેટે ૨.૨૫ લાખ પડાવ્યા હતા. જ્યારે યુવક યુવતી કોર્ટમાં લગ્ન માટે ગયા ત્યારે સર્ટિફિકેટમાં ખામી હોવાનું કહીને માત્ર ફુલહાર કર્યા હતા. આમ, મહિલા એજન્ટોએ રજિસ્ટર્ડ મેરેજ ન કરાવીને યુવતીને પરત લઈ ગયા હતા. બાદમાં યુવતી બીમાર હોવાનું નાટક કરીને યુવકને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. યુવકે નાણાં અને યુવતી બંનેને ગુમાવી દેતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા અસલાલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કાસીન્દ્રા ગામમાં રહેતો ૪૧ વર્ષીય યુવક શાકભાજી વેચવાનું કામ કરે છે. ધોળકાની સુમિત્રા ઉર્ફે ઉષા લગ્ન કરાવી આપતી હોવાની માહિતી મળતા યુવકે મુલાકાત કરી હતી. સુમિત્રાએ વડોદરાની નયના નામની યુવતી પાસે માગુ હોવાનું કહીને શારદા નામની યુવતીનો ફોટો બતાવ્યો હતો. જોકે, શારદાની આર્થિક પરિસ્થિતિ નાજુક હોવાથી તેને મદદ કર્યા બાદ લગ્ન કરશે તેવું કહીને યુવક યુવતીની મીટિંગ ગોઠવી હતી. મહિલા એજન્ટોએ સવા બે લાખ આપો તો લગ્ન કરાવી આપીશું તેમ કહેતા યુવકે કપડાં અને દાગીનાની ખરીદી માટે દોઢ લાખ આપ્યા હતા. જે પછી એક દિવસ સુમિત્રા આ શારદા નામની યુવતીને યુવકના ઘરે મૂકી ગઈ હતી. જ્યાં શારદા યુવક સાથે પત્ની તરીકે નવ દિવસ રહી હતી. આ સમયે શારદાએ ચુડેલ માતાની બાધા હોવાથી શરીર સુખ નહિ આપું તેમ કહીને વારંવાર દૂર જઈને ફોન પર વાતો કરતા યુવકને શંકા ગઈ હતી. જેથી તેણે કોર્ટ મેરેજ કરવાનું કહેતા તમામ લોકો ભેગા થયા હતા. મહિલા એજન્ટોએ એક લાખની માગણી કરતા યુવકે ૭૫ હજાર આપ્યા હતા. જ્યારે તમામ લોકો કોર્ટ મેરેજ કરવા ગયા ત્યારે શારદાના કાગળોમાં ખામી હોવાથી લગ્નનું રજિસ્ટ્રેશન થયું નહોતુ. જેથી ફુલહાર કરીને પરત આવતી વખતે મહિલા એજન્ટોએ શારદાના સર્ટિફિકેટમાં સુધારા કરાવવા વડોદરા લઈ જવાનું કહીને તેને પરત લઈ ગયા હતા. જ્યારે શારદા પરત ન આવી ત્યારે યુવક ત્યાં ગયો ત્યારે તેને પેટમાં ગાંઠ હોવાના બહાના બતાવીને અન્ય યુવતી સાથે લગ્ન કરવાની લાલચ આપી હતી. જોકે, યુવકે મનાઈ કરતા તમામ લોકોએ તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને રવાના કરી દીધો હતો. આમ, મહિલા એજન્ટો અને લૂંટેરી દુલ્હને ૨.૨૫ લાખ પડાવીને છેતરપિંડી આચરતા યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે. અસલાલી પોલીસે નયના ભટ્ટ, શારદા ગામીત (બંને રહે. વડોદરા) અને સુમિત્રા પરીખ (રહે. ધોળકા) સામે ગુનો નોંધી તપાસ આરંભી છે.

## શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવેનો મહત્વનો નિર્ણયઃ માઘ મેળો-૨૦૨૬ઃ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા-વારાણસી એક્સપ્રેસનું પ્રયાગ સ્ટેશન પર અસ્થાયી સ્ટોપેજ

રાજકોટઃ માઘ મેળો-૨૦૨૬ ના પાવન અવસર પર પ્રયાગરાજ આવતા-જતા શ્રદ્ધાળુઓની ભારે ભીડ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને, રેલવે પ્રશાસન દ્વારા રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ગાડી સંખ્યા ૨૨૯૬૯ ઓખા–વારાણસી એક્સપ્રેસને પ્રયાગ સ્ટેશન પર ૨ મિનિટનું અસ્થાયી સ્ટોપેજ (Temporary Halt) આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્ટોપેજની વિગતો :

ગાડી સંખ્યા ૨૨૯૬૯ ઓખા–વારાણસી એક્સપ્રેસનું પ્રયાગ સ્ટેશન પર આગમન સમય રાત્રે ૨૩:૨૩ કલાકે અને પ્રસ્થાન સમય રાત્રે ૨૩:૨૫ કલાકે રહેશે. આ વ્યવસ્થા તાત્કાલિક અસરથી અમલમાં આવીને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી પ્રભાવી રહેશે.

આ અસ્થાયી સ્ટોપેજ સિવાય ટ્રેનના સમયપત્રક કે રૂટમાં અન્ય કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ટ્રેનોના સ્ટોપેજ, કોચની વિગત અને સમય વિશે વિસ્તૃત માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને તપાસ કરી શકે છે.

### કાર્યકરો આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ દ્વારા બાળકોને રમત-ગમત સાથે પાયાનું શિક્ષણ આપશે

## રાજ્યના ૩,૬૯૧ નવનિયુક્ત આંગણવાડી કાર્યકરોની બે દિવસીય તાલીમ સંપન્નઃ બાળકોના પાયાના શિક્ષણ અને પોષણને મળશે નવી ઊર્જા

બાળકોના સર્વાંગી વિકાસ તથા તેમને વધુ સુપોષિત બનાવવાના ઉમદા ઉદ્દેશથી આઈ.સી.ડી.એસ. યોજના હેઠળ રાજ્યભરમાં આંગણવાડીઓ કાર્યરત કરવામાં આવી છે. બાળકોના ભવિષ્યને પાયાથી જ વધુ મજબૂત કરવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ૯,૦૦૦થી વધુ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ નવનિયુક્ત કર્મચારીઓ આઈ.સી.ડી.એસ. યોજનાના સુદ્રઢ અમલીકરણમાં સહભાગી બને તે હેતુથી સમગ્ર રાજ્યમાં ૩,૬૯૧ કાર્યકરોને બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ એ બાળકોના પ્રારંભિક શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો એક સેતુ છે. તાલીમ પામેલા કાર્યકરો હવે આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ દ્વારા બાળકોને રમત-ગમત સાથે પાયાનું શિક્ષણ આપશે, જેથી આંગણવાડીના બાળકોમાં શાળાએ જવાની રુચિ વધશે. વિવિધ એપ્લિકેશન અને મોડ્યુલના ઉપયોગ દ્વારા બાળકોની પ્રગતિનું ટ્રેકિંગ વધુ સચોટ બનશે, જે સીધી રીતે બાળકોમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો કરશે.

માતા અને બાળકના આરોગ્ય, પોષણ અને શિક્ષણ માટેનો મુખ્ય આધારસ્તંભ આંગણવાડી કાર્યકર છે. તાલીમ બાદ કાર્યકરો બાળકોના માનસિક અને સામાજિક વિકાસ પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકશે. પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર અને વિષય નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ કાર્યકરો બાળકોના માનસિક અને શારીરિક વિકાસ માટે વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ માત્ર વહીવટી જાણકારી આપવાનો નથી, પરંતુ આંગણવાડીને 'પ્રી-સ્કૂલ' તરીકે વધુ સક્ષમ બનાવવાનો છે. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર્સ, CDPO અને સુપરવાઈઝર દ્વારા પોષણ સંગમ અને ICDS યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. દ્વદ્વસ ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડીનેટર્સ દ્વારા વિવિધ સરકારી એપ્લિકેશનના અમલીકરણ માટે કાર્યકરોને તાલીમબદ્ધ કરાયા છે.

આધુનિક સમયની જરૂરિયાત મુજબ આંગણવાડીની કામગીરીને વધુ પારદર્શક બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જિલ્લા કક્ષાના વિષય નિષ્ણાંતો દ્વારા વિવિધ સરકારી એપ્લિકેશન અને મોડ્યુલના અમલીકરણ અંગે પ્રશિક્ષણ અપાયું હતુ. ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ આસિસ્ટન્ટ અને પૂર્ણા કન્સલ્ટન્ટ દ્વારા કિશોરીઓ અને બાળકો માટેની યોજનાઓના ડિજિટલ ટ્રેકિંગ અંગે માહિતગાર કરાયા હતા.

આ તાલીમ દ્વારા નવનિયુક્ત કાર્યકરો પોતાના કાર્યક્ષેત્રમાં હાજર થતાની સાથે જ જવાબદારીઓ પ્રત્યે સજ્જ થયા છે. રાજ્ય સરકારના આ પગલાથી ગ્રામીણ અને શહેરી વિસ્તારના બાળકોના પોષણ સ્તરમાં વધુ સુધારો થશે અને પ્રાથમિક શિક્ષણનો પાયો વધુ મજબૂત બનશે, જે 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. -ઋચા રાવલ

## જ્યોતિરાદિત્ય સિંધિયાના પુત્ર મહાઆર્યમન કાર દુર્ઘટનામાં ઘાયલ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના પુત્ર અને મધ્યપ્રદેશ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ મહાઆર્યમન સિંધિયાને અકસ્માત નડ્યો છે.

શિવપુરી પ્રવાસ દરમિયાન આ અકસ્માતનો શિકાર મહાઆર્યમન થયા છે. અચાનક બ્રેક લાગવાના કારણે તેને ઈજા પહોંચી છે.

મળતી માહિતી મુજબ મહાઆર્યમન પોતાની ગાડીના સનરૂફની બહાર નીકળીને જનતાનું અભિવાદન સ્વીકારી રહ્યા હતા, ત્યારે ચાલકે અચાનક બ્રેક લગાવી દીધી અને ઝટકો લાગવાના કારણે તેમની છાતી ગાડીના આગળના ભાગ સાથે ટકરાઈ.

ઉલ્લેખનીય છે કે મહાઆર્યમન સિંધિયા બે દિવસના શિવપુરીના પ્રવાસે છે અને બીજા દિવસે સોમવારે કોલારસ વિધાનસભા વિસ્તારમાં આયોજિત યુવા સંમેલનમાં સામેલ થવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન તે કોલેજ ગ્રાઉન્ડમાં આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટ જોવા પહોંચ્યા હતા. જ્યાં તે સમર્થકોનું અભિવાદન કરી રહ્યા હતા, આ દરમિયાન ડ્રાઈવરે અચાનક બ્રેક લગાવી દીધઈ અને તેમને ઈજા પહોંચી છે.

શરૂઆતમાં આ ઈજા સામાન્ય લાગતા તેમને પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો પણ સાંજે તેમની છાતીમાં દુઃખાવો વધ્યો અને તાત્કાલિક ધોરણે તેમને શિવપુરીની જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમનું સીટી સ્કેન કર્યું, હોસ્પિટલ મેનેજમેન્ટ અને તંત્ર આ મામલે સતત નજર રાખી રહ્યું છે. હાલમાં તેમની સ્થિતિ સ્થિર હોવાની જણાવવામાં આવી રહી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૦૬/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૨૯૭ | ૧,૦૦૦.૦૦ | ૧,૮૬૨.૦૦ |
| ૨ | એરંડા | ૨૭ | ૧,૨૮૫.૦૦ | ૧,૩૦૦.૦૦ |
| ૩ | ઘઉં | ૩૪૩ | ૪૮૦.૦૦ | ૫૨૦.૦૦ |
| ૪ | બાજરી | ૨૭ | ૩૬૦.૦૦ | ૪૯૬.૦૦ |
| ૫ | મકાઇ | ૩૫ | ૩૫૦.૦૦ | ૩૬૫.૦૦ |
| ૬ | અડદ | ૨૮ | ૧,૩૦૧.૦૦ | ૧,૪૮૧.૦૦ |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૯ | કપાસ | ૨૪૪ | ૧,૪૦૫.૦૦ | ૧,૫૫૯.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૦ | ૮૬૦.૦૦ | ૯૩૨.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

હાલ રાજ્યના ૧૦૩ શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો સુનિશ્ચિત, ૩૦ શહેરોમાં વિવિધ યોજનાઓ હેઠળ પાણી પુરવઠાનાં કામો પ્રગતિ હેઠળ

# શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોના જળ સંસાધનોમાં ૯૨.૯૭ MLDનો અને ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં ૫૨૮. ૩૫ કિમીનો વધારો

## SCADA સિસ્ટમ થકી મુખ્ય મહાનગરોમાં પાણીના સમાન વિતરણ અને અન્ય જળ સંસાધન સંબંધિત સેવાઓનું ડિજિટલ મોનિટરિંગ થાય છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક પાણી પુરવઠો અને સલામત પીવાના પાણીની સમાન પહોંચ સુનિશ્ચિત કરીને રાજ્યને ટકાઉ શહેરી જળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય મોડેલ તરીકે સ્થાપિત કરવાની નેમ રાખે છે.

આ જ ઉદ્દેશ્યથી શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોના જળ સંસાધનોમાં ૯૨.૯૭ MLDનો અને ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં ૫૨૮. ૩૫ કિમીનો વધારો કરવામાં આવ્યો છે. વધુમાં, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચાડવા માટે 'મિશન ડેઈલી વૉટર સપ્લાય' જેવી પહેલ અમલી કરવામાં આવી રહી છે. મિશન ડેઈલી વૉટર સપ્લાય હેઠળ રાજ્ય સરકાર વિવિધ વૉટર સપ્લાય અને સેનિટેશન સંબંધિત પ્રોજેક્ટ્સ/પહેલો હાથ ધરવા માટે શહેરી સ્થાનિક સંસ્થાઓને સહાય પૂરી પાડે છે.

ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું છે, અને આ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

હાલ રાજ્યના ૧૦૩ શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચે છે

ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને પહેલો હેઠળ ગુજરાતના ૧૦૩ શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોચાડવામાં આવી રહ્યો છે. બાકી રહેલા શહેરો પૈકી ૩૦ શહેરોમાં વિવિધ યોજનાઓ હેઠળ પાણી પુરવઠાનાં કામો પ્રગતિ હેઠળ છે. રાજ્યની બાકીની ૩૨ સ્થાનિક સંસ્થાઓમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો મળી રહે તે માટે મિશન ડેઈલી વૉટર સપ્લાય લાગુ કરવામાં આવી રહ્યું છે, જે હેઠળ વિવિધ ઘટકો માટેનાં કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

SCADA સિસ્ટમ થકી મુખ્ય મહાનગરોમાં પાણીના સમાન વિતરણ અને અન્ય જળ સંસાધન સંબંધિત સેવાઓનું ડિજિટલ મોનિટરિંગ

શહેરી વિસ્તારોમાં પાણીના સમાન વિતરણ અને અન્ય જળ સંસાધન સંબંધિત સેવાઓનું ડિજિટલ મોનિટરિંગ કરવા માટે મુખ્ય મહાનગરોમાં SCADA સિસ્ટમ સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે. આ સિસ્ટમ લીક ડિટેક્શન, લો પ્રેશર પોકેટ, NRW (નોન-રેવેન્યુ વૉટર)માં ઘટાડો, જરૂરી દબાણ સાથે માથાદીઠ પુરવઠામાં સુધારો, જરૂરી પમ્પિંગ કાર્યક્ષમતા સાથે પમ્પિંગ સ્ટેશનનું નિરીક્ષણ, વાલ્વ મોનિટરિંગ વગેરેમાં મદદ કરે છે. આ સિસ્ટમને કારણે નોન રેવેન્યુ વૉટરને લીધે થતા નુકસાનમાં ઘટાડો થયો છે, તેમજ પાણીના સમાન વિતરણ અને અન્ય જળ સંસાધન સેવાઓનું રિયલ-ટાઈમ મોનિટરિંગ શક્ય બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, ડેઈલી વૉટર સપ્લાય મિશન તેમજ પાણી પુરવઠા સંબંધિત અન્ય યોજનાઓ અને પહેલોના અમલીકરણ થકી સામાન્ય લોકોને દરરોજ પીવાલાયક પાણી મળી રહેશે, જેનાથી લાંબા સમયગાળા માટે પાણીનો સંગ્રહ કરવાની જરૂર રહેશે નહીં. દરરોજ પીવાનું પાણી મળી રહેવાથી પાણીના અન્ય સ્ત્રોતો પરની નિર્ભરતા પણ ઘટશે. શહેરોના સુગઠિત અને આયોજનપૂર્વકના વિકાસથી શહેરોમાં વસતા નાગરિકો 'ઈઝ ઓફ લિવિંગ' નો અનુભવ પ્રદાન કરવા માટે રાજ્ય સરકારનો શહેરી વિકાસ વિભાગ પ્રતિબદ્ધ છે.

વડોદરા મંડળની અપીલ

# ઉત્તરાયણ ઉજવો, રેલવે ઓવર હેડ વાયરથી અંતર જાળવો



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના તમામ સેક્શનમાં રેલવે લાઈન ઉપર ૨૫,૦૦૦ વોલ્ટના ઓવરહેડ ઈલેક્ટ્રિક (OHE) હાઈ વોલ્ટેજ તારો લાગેલા છે, આ અત્યંત જીવલેણ છે. વડોદરા મંડળ આપને અપીલ કરે છે કે આપ ઉત્તરાયણ ઉજવો અને પોતાની સુરક્ષાનું પણ ધ્યાન રાખો, રેલવે ટ્રેક પાસે પતંગ ન ચગાવો.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ ઉત્તરાયણ/મકર સક્રાંતિ પર્વ દરમિયાન પતંગ ચગાવતી વખતે પતંગની દોરી (માંજો) આ હાઈ વોલ્ટેજ તારોમાં ફસાઈ જાય છે. આ દરમિયાન પતંગને દોરાઓને કાઢવા માટે વાંસ અને વાંસ પર અન્ય ધાતુના હુકનો ઉપયોગ કરે છે. જેના કારણે વ્યક્તિઓને વીજળીનો ઝાટકો લાગવાથી જીવનું જોખમ રહે છે.

આ દરમિયાન ૨૫૦૦૦ વોલ્ટના વીજળીના તાર તૂટીને નીચે પડી શકે છે, જેનાથી રેલવે ટ્રાફિકમાં અડચણ ઉત્પન્ન થઈ શકે છે, અવરોધની સાથે-સાથે જીવ જવાની શક્યતા રહે છે.

સાથે જ એવા મામલાઓમાં રેલવે કર્મચારી જ્યારે ટ્રેક પર કામ કરતા હોય, તો આ દોરાઓના સંપર્કમાં આવવાથી ગંભીર વીજળીના ઝાટકાનો ભય રહે છે.

રેલવે પ્રશાસન તમામ નાગરિકોને અપીલ કરે છે કે સામાજિક હિતને ધ્યાનમાં રાખતાં પોતે સતર્ક રહે તથા અન્યોને પર વધુમાં વધુ જાગૃત કરે.

પોતાની અને અન્યોની સુરક્ષા માટે કૃપા કરીને નીચે લખેલા સાવચેતીના પગલાં જરૂર લો :

● રેલવે ટ્રેક, બ્રિજ, સ્ટેશન પોલ અને ઓવરહેડ તારોથી દૂર રહીને પતંગ ચગાવો.

● રેલવે વિસ્તારમાં પડેલા અથવા ફસાયેલા પતંગ અથવા માંજાને ઉપાડવાનો પ્રયત્ન ન કરો.

●બાળકોનું ખાસ ધ્યાન રાખો અને તેમને રેલવે વિસ્તારથી દૂર રાખો.

સુરક્ષિત રહો — જવાબદારી સાથે ઉત્તરાયણ ઉજવો.

ડૉ. પીયુષ મિત્તલના નેતૃત્વમાં ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં પ્રતિનિધિત્વ મેળવી સંસ્થાનું નામ ઉજાગર કર્યું

# અમદાવાદ સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની ઐતિહાસિક રાષ્ટ્રીય સિદ્ધિ

## ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં પ્રતિનિધિત્વ મેળવી સંસ્થાનું નામ ઉજાગર કર્યું



સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ રાજ્યથી લઈને રાષ્ટ્ર સ્તર સુધી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણ, સંશોધન તથા રાષ્ટ્રીય પ્રતિનિધિત્વના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓએ કરેલી આ સિદ્ધિઓ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને માર્ગદર્શનની મજબૂત પરંપરાનો પુરાવો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી ડૉ. પ્રિયા કોકડિયાએ Cardio-Respiratory Disorders વિષયમાં ગોલ્ડ મેડલ તેમજ માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં ઓવરઓલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

તે જ રીતે, માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં અભ્યાસ કરતી ડૉ. દર્શિતા ઉચદડીયાએ Orthopedic Disorders વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ફિઝિયોથેરાપી કોલેજના ફાઈનલ યર સ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી જુહી પંચાલે સ્નાતક સ્તરે ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

આ સાથે જ, ફિઝિયોથેરાપી સ્નાતક અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વૈષ્ણવી પરીખ 'ફિટ ભારત – હિટ ભારત' થીમ પર યોજાનારા 'વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ – રાષ્ટ્રીય યુવા મહોત્સવ ૨૦૨૬'માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમનું આયોજન યુવા અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિ વિશેષ ગૌરવપૂર્ણ બની રહેશે. સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટના નિયામકશ્રી ડૉ. પીયુષ મિત્તલના અસરકારક નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સંસ્થામાં શિક્ષણ, સંશોધન અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેનાથી વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ઉત્તમતા સાથે રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા વિકસી છે. તેના પરિણામે સંસ્થાના વિદ્યાર્થીઓ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સતત ઉત્તમ પ્રદર્શન કરી રહ્યા છે. સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજ આ તમામ સિદ્ધિઓ બદલ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક પ્રાધ્યાપકોના યોગદાનને હૃદયપૂર્વક સરાહના કરે છે અને ભવિષ્યમાં વધુ ઉજ્જવળ સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પાઠવે છે.

# ગાંધીધામ સબ ડિવિઝન રેલવે હોસ્પિટલમાં પ્રથમ વાર સફળ ટોટલ ની રિપ્લેસમેન્ટ (TKR) સર્જરી





પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના સબ ડિવિઝન રેલવે હોસ્પિટલ, ગાંધીધામમાં ૦૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ પ્રથમ વાર ટોટલ ની રિપ્લેસમેન્ટ (TKR) સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી. આ મૂશ્કેલ ઑપરેશન ૫૬ વર્ષના મહિલા રેલવે લાભાર્થીનું સબ ડિવિઝન રેલવે હોસ્પિટલ, ગાંધીધામના અતિઆધુનિક ઑપરેશન થિયેટરમાં કરવામાં આવ્યું. કેસ-ટૂ-કેસ આધાર પર નિમાયેલા ઑર્થોપેડિક સર્જન અને એનેસ્થેટિસ્ટની નિષ્ણાંત ટીમ દ્વારા આ સર્જરી પૂર્ણપણે સુરક્ષિત, સુગમ અને સફળતાપૂર્વક કરવામાં આવી. આ મહત્વપૂર્ણ સિદ્ધિ ડૉ. રમેશ જાંગિડ, ડિવિઝનલ મેડિકલ ઓફિસર (DMO), ગાંધીધામના માર્ગદર્શનમાં પ્રાપ્ત થઈ છે, જે સબ-ડિવિઝન રેલવે હોસ્પિટલ, ગાંધીધામમાં અપગ્રેડેડ ઑર્થોપેડિક સેવાઓના સુદ્રઢીકરણની દિશામાં એક મોટું પગલું છે. આ પહેલથી ભવિષ્યમાં રેલવે લાભાર્થીઓને ઉચ્ચ સ્તરની મેડિકલ સુવિધાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થઈ શકશે. અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા સ્વાસ્થ્ય સેવાઓના સતત અપગ્રેડેશનની દિશામાં આ એક નોંધપાત્ર સિદ્ધિ છે.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આણંદના નવા બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાત લીધી




ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તથા ગૃહ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આજે તેમના આણંદ જિલ્લાના પ્રવાસ દરમિયાન આણંદના નવા બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બસ સ્ટેન્ડમાં ઉપલબ્ધ સુવિધાઓ તથા બસના વિવિધ રૂટ અને તેના આવાગમનના સમય સહિતની બાબતોની જાણકારી મેળવી મુસાફરો તેમજ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધી તેમની જરૂરિયાતોથી માહિતગાર થયા હતા.

આ મુલાકાત દરમિયાન આણંદના ધારાસભ્ય શ્રી યોગેશ પટેલે નાયબ મુખ્યમંત્રીશ્રીને નવા બસ સ્ટેન્ડ માટે હાથ ધરવામાં આવનાર વિકાસલક્ષી કામગીરીની ટુંકમાં જાણકારી આપી હતી. તેમજ શ્રી સંઘવીએ આગામી સમયમાં મુસાફરોને આધુનિક સુવિધાઓ મળી રહે તે માટેના આયોજન અંગે માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

આ વેળાએ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સ્ટેન્ડ પર ઊભેલી બોરસદ રૂટની બસમાં પ્રવેશી તેમાં બેઠેલા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અને બસના સમયપત્રક અંગે પૃચ્છા કરી બસમાં સ્વચ્છતાના માપદંડોનું જાત નિરીક્ષણ કર્યું હતું. તેમણે બસમાં ઉપસ્થિત મુસાફરો અને વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું પાલન કરવા અને સ્વચ્છતા જાળવવા માટે અન્યોને પ્રેરિત કરવા અનુરોધ કર્યો હતો.

મુલાકાત દરમિયાન વાહન વ્યવહાર મંત્રીશ્રીએ સંકેત આપ્યા હતા કે રાજ્યભરમાં આગામી સમયમાં નવી ૨૦૦ બસો શરૂ કરવામાં આવશે. જેમાંથી ૪ નવી બસો આણંદ-બોરસદ રૂટ પર ફાળવવામાં આવશે, જેનાથી મુસાફરો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. વધુમાં ખંભાત સુધીની બસોના રૂટની સંખ્યામાં પણ વધારો કરાશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો.

મંત્રીશ્રીએ આ તકે સ્ટેન્ડ પરના ઈન્ક્વાયરી વિન્ડો પર ફરજરત GSRTC ના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પણ સંવાદ કર્યો હતો. તેમણે બસ સેવાઓમાં ખૂટતી કડીઓ અને જરૂરી સુવિધાઓનો તાગ મેળવીને તંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી. બસ સ્ટેન્ડ પર સ્વચ્છતા જળવાય અને મુસાફરોને કોઈ તકલીફ ન પડે તેમજ પરિવહન સેવા વધુ સુદ્રઢ બને તે બાબત પર તેમણે ભાર મૂક્યો હતો.

આ વેળાએ આણંદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સંજયસિંહ મહીડા, આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ અને વડોદરાના સાંસદ શ્રી હેમાંગ જોશી, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશ પટેલ, શ્રી ચિરાગ પટેલ સહિત જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૃદ્ધ દંપતી અંબાજી દર્શન કરવા ગયું અને ઘરમાંથી ૯ લાખ મતા ચોરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના ઈસનપુર વિસ્તારમાં રહેતા વૃદ્ધ દંપતી ગત શનિવારે અંબાજી માતાના દર્શન કરવા સારું નીકળ્યા હતા.

બીજા દિવસે પાછા આવી રહ્યા હતા ત્યારે તેમની સોસાયટીના ચેરમેને ફોન કરીને જણાવ્યું કે તેમના ઘરમાં ચોરી થઇ છે. બાદમાં વૃદ્ધ દંપતીએ ઘરે પહોંચીને જોતા અંદરના રૂમમાં મુકેલ તિજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂ.૯.૧૩ લાખની મતાની તસ્કરોએ ચોરી કરી હતી. આ અંગે પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

ઈસનપુર રત્નદીપ સોસાયટીમાં રહેતા વૃદ્ધ દિલીપકુમાર ઠક્કર વ્યવસાયે એલ.આઈ.સી. એજન્ટ છે. ગત તા.૩ જાન્યુઆરીના રોજ વૃદ્ધ તેમની પત્ની અને ડ્રાઈવર સાથે અંબાજી મંદિરે દર્શન કરવા ગયા હતા. બીજા દિવસે સવારે જ્યારે પરત ઘરે આવતા હતા ત્યારે તેમની સોસાયટીના ચેરમેનનો તેમની પર ફોન આવ્યો અને જણાવ્યું કે તમારા ઘરે કામ કરવા આવતી મહિલાએ કહ્યું કે ઘરનું તાળું તૂટેલી હાલતમાં છે. આ સાંભળીને વૃદ્ધ દંપતી તાત્કલિક ઘરે આવી પહોંચ્યા અને ઘરે આવ્યા બાદ જોયું તો મેઈન દરવાજાનું તાળું તૂટેલું હતું અને ઘરની અંદર રહેલો સામાન વેર વિખેર હાલતમાં પડેલો હતો.

# ગાંધીનગરમાં ટાઈફોઈડનો વિસ્ફોટ : ૧૫૨ દર્દી દાખલ : ૨ બાળકોના મોત થી ફફડાટ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




રાજયના પાટનગર ગાંધીનગરમાં હાલ આરોગ્યની સ્થિતિ અત્યંત ચિંતાજનક સ્તરે પહોચી ગઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં (દુષિત પાણી) ના કારણે પાણીજન્ય રોગચાળાએ માથુ ઉચકયુ છે. જેના પરીણામે (ટાઈફોઈડ કેસ) માં અચાનક મોટો ઉછાળો આવ્યો છે. ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં દર્દીઓનો જબરદસ્ત ઘસારો જોવા મળી રહ્યો છે.

તાજેતરના આંકડા મુજબ હોસ્પીટલમાં કુલ ૧૫૨ દર્દીઓ દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી ૫૦ દર્દીઓનો રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે અને તેઓ ટાઈફોઈડગ્રસ્ત હોવાનુ બહાર આવ્યુ છે. જયારે અન્ય ૧૦૮ દર્દીઓમાં શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના રીપોર્ટ કરાવવામાં આવ્યા છે. સ્થિતિની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે ૨ બાળ દર્દીઓની હાલત નાજુક જણાતા તેમને તાત્કાલીક આઈસીયુ માં ખસેડવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં સારવાર બાદ સ્વસ્થ્ય થયેલા ૨૫ દર્દીઓને રજા આપવામાં આવી છે. આ રોગચાળા દરમિયાન ૨ બાળકોના મોત થતા સમગ્ર પંથકમા ભયનો માહોલ ફેલાયો છે. જો કે આ મોત અંગે વિવાદ પણ સર્જાયો છે. વિપક્ષ કોંગ્રેસે દાવો કર્યો છે કે આ મોત ટાઈફોઈડના કારણે થયા છે.

પરંતુ સીવીલ સુપ્રિટેન્ડેન્ટે આ દાવાને ફગાવી દીધો હતો. હોસ્પીટલના અધિક્ષકના જણાવ્યા મુજબ દહેગામના બાળકનુ મોત (સેપ્ટિક શોક) ના કારણે અને આદિવાડાના બાળકનુ મોત એકયુટ વાયરલ ઈન્સેફાલીટીસ ના કારણે થયુ છે. જેનો સીધો સંબંધ ટાઈફોઈડ સાથે નથી. તેમ છતાં હોસ્પીટલમાં બાળ વિભાગમાં પથારીઓ ખુટી પડતા તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે એક અલગ વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે અને પરીસ્થિતિને પહોચી વળવા જિલ્લા ના અન્ય કેન્દ્રો પરથી બાળ રોગ નિષ્ણાંતોની ટીમને સીવીલ હોસ્પીટલ ખાતે બોલાવવામાં આવી છે. રોગચાળાનુ મુખ્ય કારણ દુષિત પાણી હોવાનુ બહાર આવ્યુ છે. શહેરના સેકટર ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તેમજ આદિવાડા અને જીઆઈડીસી વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયા છે. કોર્પોરેશનની આરોગ્ય ટીમો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૦૮૦૦ થી વધુ ઘરોનો હેલ્થ સર્વે પુર્ણ કરવામા આવ્યો છે. જેમાં ૯૦ હજારની વસ્તીને આવરી લેવાઈ છે. તકેદારીના ભાગરૂપે ૩૦ હજાર કલોરીન ટેબલેટ અને ૨૦૬૦૦ ઓઆરએસ પેકેટનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

આદિવાડા વિસ્તારમાં જયાં પાણીની સમસ્યા વિકટ છે ત્યાં મહાનગરપાલિકા દ્વારા ટેન્કરો મારફતે પીવાનુ પાણી પહોચાડવામાં આવી રહ્યુ છે અને લીકેજ શોધવાની કામગીરી પણ ચાલુ છે. તંત્ર માટે ચિંતાનો વિષય એ છે કે ૪ જાન્યુઆરી સુધીમાં માત્ર બે દિવસમાં જ ૧૧૯ જેટલા કેસ નોંધાયા હતા. હાલમાં ૯૪ દર્દીઓ સારવાર હેઠળ છે. નિષ્ણાંતોના મતે ટાઈફોઈડના (ઈન્કયુબેશન પીરીયડ) ને જોતા આગામી ૨૦ જાન્યુઆરી સુધીમાં કેસ આંકડો ૩૫૦ ને પાર પહોચી શકે તેવી દહેશત છે. આ સ્થિતિમાં નાગરીકોને ઉકાળેલુ પાણી પીવા અને બહારનો ખોરાક ટાળવા માટે અપીલ કરવામાં આવી છે.

# બિનખેતી પરવાનગીમાં કલેકટર જમીનના ટાઈટલની તપાસ ન કરી શકે : હાઈકોર્ટ

## કલેકટરે માત્ર મહેસુલ રેકર્ડમાં અરજદાર કબ્જેદાર છે કે કેમ તેની જ તપાસ કરવાની રહે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫ હેઠળ બિનખેતી પરવાનગી આપવાની સત્તા અંગે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે જયારે કોઈ વ્યકિત બિનખેતી પરવાનગી માટે અરજી કરે છે ત્યારે સક્ષમ અધિકારી અથવા કલેકટરે માત્ર એટલુ જ જોવાનુ હોય છે કે અરજદાર જમીનનો કબ્જેદાર છે કે નહી, આ પ્રક્રિયા દરમિયાન સત્તાધિકારી જમીનના માલિકી હક્ક અથવા ટાઈટલ અંગે કોઈપણ પ્રકારની તપાસ કરી શકે નહી,

જસ્ટીસ અનીરૂધ્ધ પી માયી ની અદાલતે નિતીનભાઈ માવજીભાઈ સીનોજીયા અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી રીટ પીટીશન પર સુનાવણી કરતા આ અવલોકનો કર્યા હતા. આ કેસમાં અરજદારોએ ધોરાજીના ડે.કલેકટર અને મહેસુલ વિભાગના સ્પેશ્યલ સેક્રેટરી (અપીલ) ના આદેશોને પડકાર્યા હતા. જેમણે જમીનના ટાઈટલ અંગેના વિવાદને આધારે બિનેખેતી પરવાનગીની અરજી રદ કરી હતી. અદાલતે તેના ચુકાદામાં નોંધ્યુ હતુ કે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ એટલે કે જી એલ આર સી ની કલમ -૬૫ હેઠળ કલેકટર પાસે ટાઈટલ નકકી કરવાની કોઈ કાયદેસરની સત્તા નથી. જો મહેસુલ રેકોર્ડમાં અરજદારનુ નામ કબ્જેદાર તરીકે નોંધાયેલુ હોય તો તે બિનખેતી પરવાનગી મેળવવા માટે પુરતુ છે.

જો ટાઈટલ અંગે કોઈ વિવાદ હોય તો તે સીવીલ કોર્ટનો વિષય છે અને મહેસુલ અધિકારીઓ તે વિવાદના આધારે પરવાનગી રોકી શકે નહી. વધુમાં હાઈકોર્ટે અવલોકન કરતા કહ્યુ હતુ કે બિનખેતી પરવાનગી એ માત્ર જમીનના ઉપયોગમાં ફેરફાર કરવાની પ્રક્રિયા છે અને તે કોઈના માલિકી હક્કને સ્થાપિત કે નાબુદ કરતી નથી. આ ચુકાદા સાથે અદાલતે ડે.કલેકટર અને સ્પેશ્યલ સેક્રેટરી ના અગાઉના આદેશોને રદબાતલ ઠેરવ્યા છે. અને સત્તાધિકારીને ૬ અઠવાડીયામાં કાયદા મુજબ નવેસરી નિર્ણય લેવાયો આદેશ આપ્યો છે. આ ચુકાદાથી રાજયમાં બિનખેતી પરવાનગી મેળવવાની પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ અને વહિવટી વિલંબમાં ઘટાડો થવાની આશા છે. કેસની વિગતો મુજબ અરજદારોએ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામે આવેલી સર્વે નંબર ૧૩૩૨ / પૈકી ૧ / પૈકી ૧ ની જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૩૮ થી ખરીદી હતી. અને આ વેચાણ દસ્તાવેજના આધારે મહેસુલી રેકોર્ડમાં અરજદારોની તરફેણમાં ફેરફાર નોંધ નંબર ૧૯૫૮૨ પણ પાડવામાં આવેલી છે. ત્યારબાદ ૧-૧૯-૯૬ ચો. મી. જમીન પર અરજદારોની વિભાજીત અને સ્વતંત્ર માલિકી દર્શાવતી ફેરફાર નોંધ નંબર ૧૯૮૦૯ દાખલ કરી પ્રમાણિત કરવામાં આવી હતી. ત્યારબાદ અરજદારોએ તારીખ ૧/૨/૨૦૧૪ ના રોજ નાયબ કલેકટર, ધોરાજીને રહેણાંક હેતુ માટે બિનખેતી પરવાનગી મેળવવા અરજી કરી હતી. તારીખ ૨૮/૪/૨૦૧૬ ના પત્ર દ્વારા નાયબ કલેકટર, ધોરાજીએ સદર અરજી એવા ગ્રાઉન્ડ પર નકારી કાઢી હતી કે પ્રશ્નવાળી જમીનની માલિકીના સંબંધમા મામલતદાર ઉપલેટાનો અભિપ્રાય પ્રાપ્ત થયો નથી. ત્યારબાદ અરજદારોએ ખેતી / બિનખેતી પરવાનગી માટેની અરજી નામંજુર કરી હતી. આ આદેશથી નારાજ થઈને અરજદારોએ ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ ૧૯૭૯ ની કલમ ૨૧૧ હેઠળ સચિવ (અપીલ) મહેસુલ વિભાગ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરી હતી. તારીખ ૩૦/૩/૨૦૧૬ ના વિવાદીત




આદેશ દ્વારા નાયબ કલેકટર, ધોરાજીના તર્કને માન્ય રાખતા અરજદારોની રીવીઝન અરજી નકારી કાઢવામા આવી હતી. જેમાં જણાવાયુ હતુ કે પ્રશ્નવાળી જમીન પર અરજદારોનો માલિકી હક્ક સ્પષ્ટ ન હોવાથી, બિનખેતી પરવાનગી યોગ્ય રીતે નકારવામાં આવી છે. હવે એ બાબત શુસ્થાપિત થયેલ છે કે જીએલઆરસીની કલમ ૬૫ હેઠળ સક્ષમ સત્તા અધિકારી પાસે પ્રશ્નવાળી જમીન પર અરજદારની માલિકી તપાસવાની અથવા તે અંગે નિર્ણય લેવાની કોઈ સત્તા નથી.

વર્તમાન કેસમા અરજદારોની અરજી માત્ર એવા આધારે નકારી કાઢવામાં આવી છે કે પ્રશ્નવાળી જમીન પર તેમનો માલિકી હક્ક સ્પષ્ટ નથી. જીએલઆરસીની કલમ ૬૫ ના વ્યાપ અને આશય તેમજ સર્વોચ્ચ અદાલત અને આ અદાલતના વિવિધ ચુકાદાઓની શ્રેણીને ધ્યાનમાં લેતા વિષયવસ્તુ હેઠળની જમીન પર માલિકી હક્ક સ્પષ્ટ ન હોવાના કારણે અરજદારોને એનએ પરવાનગી નકારતા વિવાદીત આદેશો, સક્ષમ સત્તા અધિકારીને કલમ ૬૫ હેઠળ મળેલી સત્તાની બહાર જઈને અરજીનો નિર્ણય કરવા સમાન છે. અને તેથી તે હકુમત વગરના છે. વિવાદીત આદેશો જીએલઆરસીની કલમ ૬૫ ની જોગવાઈઓથી વિપરીત છે. કારણ કે સક્ષમ સત્તા અધિકારીએ જે રીતે આ પ્રક્રિયા હાથ ધરી છે અને જે કાર્યપધ્ધતિ અપનાવી છે. તે કાયદાનુ ઉલ્લંઘન કરે છે, સક્ષમ સત્તા અધિકારી સમક્ષ કોઈપણ પક્ષ દ્વારા કોઈ વિવાદ રજુ ન કરવામાં આવ્યો હોય તે સ્થિતિમાં સત્તાધિકારી અરજદારોના માલિકી હક્ક ના પ્રશ્નમાં જઈ શકયા હોત નહી,

નવસર્જન સંસ્કૃતિ અહેવાલની અસર

# પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) દ્વારા ૫૭૦ સામે માત્ર ૨૭૫ પોલીસ કર્મીઓની જ બદલી કરવામાં આવી તેનુ કારણ શું?

## કરવામાં આવેલી બદલીઓમાં મોટા ભાગના મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેવાતા કચવાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગૃહ વિભાગ દ્વારા પોલીસ કર્મીઓની બદલીઓમાં થતા વિલંબ અને પૂર્વ ડીજી દ્વારા અપાયેલ ૫૭૦ થી વધુ નાના પોલીસ કર્મીઓની બદલીની અપાયેલ મંજુરીની મહોર હોવા છતાં પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) દ્વારા કેમ બદલીઓમાં વિલંબ કરવામાં આવ્યો હોવાના સમાચારો બે દિવસ અગાઉ ગરવી ગુજરાત અખબારમાં સમાચારો પ્રસિધ્ધ થતા ચોકી ઉઠેલા ગૃહ વિભાગ દ્વારા તાત્કાલીક પૂર્વ ડીજી દ્વારા અપાયેલ મૌખિક આદેશનુ પાલન કરવાના સુચનો આપવામાં આવતા પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) દ્વારા ૫૭૦ ની સામે માત્ર ૨૭૫ જેટલા જ પોલીસ કર્મીઓની બદલીઓ કરી ગૃહ વિભાગને સારૂ દેખાડવા માટે તાત્કાલીક આ બદલીઓ કરી દેવામાં આવી હતી.

પરંતુ તેમાંય હજુ સુધી જોઈએ તેટલા પૂર્વ ડીજીના આદેશનુ પાલન કરવામાં આવ્યુ નથી, કારણ કે મૌખિક મંજુરી ૫૦૦ થી વધુ પોલીસ કર્મીઓની બદલી કરવા માટે પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) ને મૌખિક સુચના આપવામાં આવી હતી. ત્યારબાદ ૩૦૦ થી વધુ પોલીસ કર્મીઓની બદલી ન કરવા પાછળુ કારણ શું ? પૂર્વ ડીજી દ્વારા સ્પષ્ટ મીડીયાને કહેવામાં આવ્યુ હતુ કે મારી નિવૃત્તિ અગાઉ તમામ પોલીસ કર્મીઓની જનરલ બદલીઓ કરી દેવામાં આવશે. ત્યારે પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) દ્વારા પૂર્વ ડીજીના આદેશનુ કેમ પાલન કરવામાં આવ્યુ નથી ? શું બદલી કરવામાં ન આવેલ પોલીસ કર્મીઓ પાસે કઈ લેવાનુ બાકી નિકળે છે ? નવાઈની વાત તો એ છે કે આ ૨૭૫ પોલીસ કર્મીઓની બદલીઓમાં મંત્રીઓના આદેશનુ પાલન કરવામાં આવ્યુ ન હોવા છતાં ખુદ ગૃહ મંત્રી મુંગે મોઢે સહન કરી રહ્યા છે તેનુ કારણ શું ? ગૃહ મંત્રીના કાર્યાલયના સુત્રોના કહેવા પ્રમાણે તમામ મંત્રીઓની ભલામણો પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) ને મોકલી આપવામાં




આવી હતી ત્યારે આ તો પૂર્વ ડીજીની સાથે સાથે ગૃહમંત્રીના આદેશનુ પણ પાલન કરવામાં આવ્યુ નથી. ત્યારે હવે ગૃહ મંત્રી આ બદલી પ્રકરણમાં રસ લે તેવુ ખુદ મંત્રીઓ કહી રહ્યા છે. કારણ કે બદલીઓમાં ભ્રષ્ટાચારની બુ આવી રહી છે. તો બીજી તરફ પીએમના કાર્યક્રમ બાદ ગૃહ વિભાગમાં મોટી ઉથલ પાથલ થાય તેવુ પણ સુત્રો જણાવી રહ્યા છે.

# ઠંડીની સાથે આવશે માવઠુ: ભરશિયાળે વરસાદની અંબાલાલ પટેલે કરી આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

અંબાલાલ પટેલે શિયાળાની કડકડતી ઠંડીમાં માવઠુ થવાની આગાહી કરી છે. આગામી તારીખ ૮ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન રાજયના મોટા ભાગોમાં વાદળછાયા વાતાવરણ બની શકે છે. કચ્છ, ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ સહિતના ભાગોમાં વાદળો છવાઈ શકે છે. તો દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. આમ રાજયના અમુક વિસ્તાર માં હળવો વરસાદ થઈ શકે છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી




કરી છે કે દેશ અને રાજયમાં આગામી દિવસોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ ની અસર જોવા મળશે. આગામી તારીખ ૧૫ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસર વર્તાશે. ગુજરાતના વાતાવરણમાં પલ્ટો આવશે તેમજ અનેક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. રાજયના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થઈ શકે છે. તો તારીખ ૨૯ જાન્યુઆરીથી ૫ ફેબ્રુઆરી દરમિયાન પણ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ આવશે. જેમાં ગુજરાતના વાતાવરણમાં પલ્ટાની અને કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

# મુખ્યમંત્રીના આગમન ટાણે અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસે બે ટ્રકોમાંથી મસમોટો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો: જીપીએસ ટેકનોલોજીથી સજજ ટ્રક દ્વારા ગુજરાતમાં દારૂ સપ્લાય થતો હોવાનુ આવ્યુ બહાર

## શામળાજી પોલીસે બે ટ્રકમાંથી રૂ.૧.૦૪ કરોડનો વિદેશી દારૂ ઝડપી લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લાના શામળાજી મંદિરે નજીકના દિવસોમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પધારવાના છે તેને લઈ સમગ્ર પોલીસ તંત્ર બંદોબસ્તમાં લાગી ગયુ છે. ત્યારે શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં પોલીસે વિદેશી દારૂનો મસમોટો જથ્થો પકડી લઈ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે માત્ર ૧૨ કલાકમાં બે અલગ અલગ ટ્રકમાંથી કુલ રૂપીયા ૧.૦૪ કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપી લઈ બુટલેગરોના નેટવર્ક પર મોટો સપાટો બોલાવ્યો છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજસ્થાન રાજયને અડીને આવેલ શામળાજી વિસ્તારમાંથી ડ્રાય સ્ટેટ ગુજરાતમાં દારૂ ઘુસાડવા બુટલેગરો નવા નવા નુસ્ખા અપનાવી રહ્યા છે. શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં સઘન વાહન ચેકીંગ હાથ ધર્યુ હતું. તે દરમિયાન બાતમી મળતા રાજસ્થાનના ચિતોડગઢથી પશુ આહારની આડમાં વિદેશી દારૂ ભરેલ ટ્રકને રોકી તલાશી લેતા તપાસ દરમિયાન ટ્રકમાંથી પશુ આહારના કટ્ટાની આડમાં સંતાડેલ વિદેશી દારૂની ૨૨,૯૪૧ બોટલો મળી આવી હતી જેની બજાર કિંમત રૂપીયા ૭૨.૨૯ લાખ આંકવામાં આવી છે. ટ્રક, મોબાઈલ સહિત કુલ રૂપીયા ૮૨.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ટ્રક ચાલક ગણેશ લક્ષ્મણ મીણા (રહે કરમાત ડુંગરપુર રાજસ્થાન) ની ધરપકડ કરવામાં આવી છે. પુછપરછ દરમિયાન દારૂ મંગલવાડના બુટલેગર ધનપાલ રમેશ મીણાએ ભર્યો હોવાનુ અને અમદાવાદ પહોચાડવાનો હોવાનુ બહાર આવ્યુ હતું. ટ્રકમાં જીપીએસ સિસ્ટમ મળી આવતા પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો કે બુટલેગરો રાજસ્થાનમાં બેઠા બેઠા વાહનોનુ મોનીટરીંગ કરતા હતા.

આ દરમિયાન વધુ એક બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીકથી બટાકાની કટ્ટાની આડમાં દારૂ ભરેલ બીજા ટ્રકને રોકવામાં આવ્યો હતો. ટ્રકની તલાશી માં ૧૪૬૬૪ નંગ વિદેશી દારૂની બોટલો અને બીયરટીન મળી આવ્યા હતા. જેની કિંમત રૂપીયા ૩૨.૨૬ લાખ હોવાનુ આંકવામાં આવે છે. ટ્રક, મોબાઈલ અને બટાકા સહિત કુલ રૂપીયા ૪૨.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક સુરેશચંદ્ર રામઅવતાર ગુર્જર અને નરેન્દ્રસિંહ બાબુ મેઘવાલ ની ધરપકડ કરવામાં



આવી છે. આ દારૂ બનહડના બુટલેગર નરેશ હંસરાજ ગુર્જરે ભર્યો હોવાનુ બહાર આવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે બોરનાળા નજીક ૩ બાઈક પર આવેલા બુટલેગરો પોલીસ જોઈને રૂપીયા ૨.૧૮ લાખ કિંમત નો ૧૩ પેટી દારૂ રોડ પર ફેંકી રાજસ્થાન તરફ નાસી છુટયા હતા. કુખ્યાત બુટલેગર વિનોદ સિંધી દ્વારા જીપીએસ લગાવી ગુજરાતમાં દારૂ સપ્લાય કરવામાં આવતો હોવાની પણ માહિતી બહાર આવી છે.

# સુરેન્દ્રનગરના તત્કાલીન ડીઆઈજી ગીરીશ પંડયાનો પગાર ૪ મહિનાથી બાકી: ૧૦ ડીઆઈજીઓ ૪ મહિનાથી પોસ્ટીંગ વગરના

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પોલીસ તંત્રમાંથી ખાસ અહેવાલ મળી રહ્યા છે. મળતા અહેવાલ પ્રમાણે સુરેન્દ્રનગરના તત્કાલીન ડીઆઈજી ગીરીશ પંડયા ૪ મહિનાથી પગારથી વંચિત રહ્યા છે. તો બીજી તરફ રાજયના ડીઆઈજીઓ પણ વંચિત રહ્યા છે. તો બીજી તરફ સરકારી બંગલાઓ કાર સહિતની સુવિધા પણ છીનવી લેવામાં આવી છે. પગારનુ મહેકમ કયાં દેખાડવુ એ એક સવાલ ઉભો થયો છે. ગુજરાત પોલીસ વિભાગની પ્રથમ ઘટના કે ડીઆઈજીઓને પોસ્ટીંગ માટે વેઈટીંગ



ફોર પોસ્ટીંગ કરવામાં આવ્યા છે. નવા ડીજી આવશે ત્યારબાદ ડીઆઈજીઓને પોસ્ટીંગ આપવામાં આવશે પણ વિભાગ દ્વારા કોઈપણ પ્રકારનો નિર્ણય કરવામાં ન આવતા આ આશાઓ પર પાણી ફરી વળ્યુ છે.

# ગુજરાતમાં બોમ્બનો ફફડાટ: સુરત બાદ અમદાવાદ, રાજકોટ અને ભરૂચની કોર્ટને આરડીએકસ થી ઉડાવી દેવાની ધમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક અત્યંત ગંભીર ઘટના આજે બનવા પામી હતી. આજે મંગળવારે રાજયના ૪ મુખ્ય જિલ્લાઓની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી.

સુરત બાદ હવે અમદાવાદ, રાજકોટ અને ભરૂચની કોર્ટને નિશાન બનાવવાની ધમકી મળતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. હાઈકોર્ટ અને સીટી સીવીલ કોર્ટ નિશાના પર સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે અમદાવાદની બે



મહત્વની કોર્ટ ગુજરાત હાઈકોર્ટ અને સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટને આતંકી હુમલાની ધમકી મળી હતી. અજાણ્યા શખ્સો દ્વારા મોકલવામાં આવેલા સંદેશામાં કોર્ટ પરીસરને આરડીએકસ જેવા શકિતશાળી વિસ્ફોટકથી ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સમાચાર વાયુવેગે ફેલાતા વકીલો, અરજદારો અને કોર્ટ સ્ટાફમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સુરક્ષા એજન્સીઓનો મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. ધમકી મળતા જ સુરક્ષા એજન્સીઓ એકશન મોડમા આવી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા તમામ કોર્ટ પરીસરમાં મેટલ ડીટેકટર અને ડોગ સ્કવોડ સાથે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું.

કોર્ટના એન્ટ્રી અને એકિઝટ પોઈન્ટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ધમકીભર્યો પત્ર કે ઈ-મેઈલ કયાંથી આવ્યો તેની તપાસ માટે સાઈબર ક્રાઈમની ટીમ કાર્યરત થઈ ગઈ હતી. રાજકોટ અને ભરૂચ જિલ્લાઓમાં પણ સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોર્ટ સંકુલની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓએ મોડે સુધી દરેક શંકાસ્પદ વસ્તુ અને વ્યકિતની તપાસ કરી હતી. પ્રાથમિક દ્રષ્ટીએ આ કોઈની તોફાન કે અફવા હોઈ શકે છે. પરંતુ હાઈકોર્ટ જેવી સંવેદનશીલ જગ્યાની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ ન કરી શકાય તે હેતુથી સમગ્ર રાજયમાં એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ હતું.

# વિકાસ કામો કરવા હોય તો સંકલન સાથે સંપીને ગાંધીનગર આવો: સંઘવીની સલાહ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ શહેર ભાજપમાં ચાલતી હુંસાતુસીને કારણે શહેરના વિકાસનો ભોગ લેવાઈ રહ્યો હોય તેવુ ગઈ કાલે જાણવા મળેલ, નાયબ મુખ્યમંત્રી સંઘવીએ મનપાના પદાધિકારીઓ અને ધારાસભ્યોને રાજકોટના પ્રશ્નો રજુ કરવા માટે બોલાવેલ ત્યારે માધાપર ચોકડીએ અંડર બ્રિજની જરૂરીયાત અને નવા રીંગ રોડ પર જેટકોના થાંભલાઓનુ અડચણ સહિતનો પ્રશ્ન ડે.મેયર નરેન્દ્રસિહે રજુઆત કરતા નાયબ મુખ્યમંત્રીએ ચારેય ધારાસભ્યો અને સહિતનાઓએ સંકલનમાં રહી રજુઆતો કરશો તો તમારૂ ઉપજશે. નહી તો કંઈ નહી થાય તેવુ જણાવી અમરેલીના ધારાસભ્યોમાં રહેલ સંપનો દાખલો આપી મોઢે સંભળાવી દીધુ હતું.



રાજકોટ પધારેલા નાયબ મુખ્યમંત્રી સંઘવી એ મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને ધારાસભ્યો સાથે બેઠક યોજી રાજકોટના પ્રશ્નો જણાવવાનુ કહેતા ડે.મેયર નરેન્દ્રસિંહે માધાપર ચોકડીએ ભારે ટ્રાફીક સમસ્યા હોય તેમજ અંડરબ્રિજ ની તાતી જરૂરીયાત હોવાનુ જણાવ્યુ હતું. નવા રીંગ રોડ નુ કામ પુર જોશમાં ચાલુ છે. પરંતુ જેટકો કંપનીના પોલના કારણે કામ અટકી ગયા હોવાનુ જણાવી આ બંને પ્રશ્નો ઝડપી હલ થાય તેવુ સુચન કરતા નાયબ મુખ્યમંત્રીએ રાજકોટનુ કંઈ ઉપજતુ નથી તેવો સંદેશ આપી જણાવ્યુ કે ધારાસભ્યો પોતાની રીતે અલગ અલગ રજુઆતો કરવા આવી રહ્યા છે. તેના બદલે રાજકોટના પ્રશ્નો માટે તમામ ધારાસભ્યો અને પદાધિકારીઓ મહિનામાં એક વખત સાથે બેસી પ્રશ્નોનુ સંકલન કરી રજુઆત કરે તો કંઈક ઉપજશે તેવુ કહી અમરેલીના ધારાસભ્યો સંકલન સાથે રજુઆત કરી પ્રજાના પ્રશ્નો હલ કરી રહ્યા છે તેવો દાખલો આપી મોઢે સંભળાવી દીધુ હતું.

નાયબ મુખ્યમંત્રી સમક્ષ મનપાના પદાધિકારીઓ અને ધારાસભ્યો રાજકોટના પ્રશ્નો રજુ કરવા માટે ઉપસ્થિત રહેલ ત્યારે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે શહેરના અલગ અલગ વિસ્તારોમાં લાગુ કરવામાં આવેલ અશાંતધારાની મુદત પુરી થઈ ગયેલ છે તેવા વિસ્તારોમાં ફરી મુદત વધારવા એટલે કે અશાંતધારો રીન્યુ કરવામાં આવે તેવી રજુઆત કરેલ અને આ પ્રશ્ન ઉઠાવેલ પરંતુ નાયબ મુખ્યમંત્રી દ્વારા કોઈ જવાબ ન મળતા વિલા મોઢે બેસી રહેવાનો વારો આવ્યો હતો.

# કોંગ્રેસની જન આક્રોશ યાત્રામાં પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા કોંગ્રેસમાં જોડાયા: ભાજપ સરકારને આડે હાથ લીધી

## ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી સમાજના લોકો ભેગા થઈને ભાજપ સરકારને ઉખેડી ફેંકવાના છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી નેતા મહેશ વસાવાએ ભારતીય જનતા પાર્ટીનો સાથ છોડી કોંગ્રેસમાં જોડાઈને ગુજરાતના રાજકારણમા નવી ચર્ચાને જન્મ આપ્યો છે. દાહોદમાં યોજાયેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રા દરમિયાન તેમણે સત્તાવાર રીતે કોંગ્રેસનો હાથ પકડયો હતો. કોંગ્રેસ માટે આ જોડાણને ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં મોટા બુસ્ટ તરીકે જોવામાં આવી રહ્યુ છે. ખેડા જિલ્લાના કપડવંજથી શરૂ થયેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનો બીજો તબકકો દાહોદ પહોચ્યો હતો. જયાં આજે મંગળવારે ગુરૂ ગોવિંદ કંબોઈ ધામ ખાતે તેનુ સમાપન થયુ હતું. આ સમાપન દરમિયાન કોંગ્રેસના પ્રદેશ




પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભાના વિરોધપક્ષના નેતા તુષાર ચૌધરી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. મહેશ વસાવા કાળી મહુડી સભા સ્થળે પહોચીને કોંગ્રેસમાં જોડાયા હતા. મહેશ વસાવા જાણીતા આદિવાસી નેતા છોટુ વસાવાના પુત્ર છે. છોટુ વસાવાએ વરસોથી ગુજરાતના આદિવાસી પટ્ટામાં રાજકીય વર્ચસ્વ જાળવી રાખ્યુ છે. રાજકારણ વારસામાં મળ્યુ હોવા છતાં મહેશ વસાવાએ પોતાની અલગ ઓળખ બનાવી છે. તેઓ ડેડીયાપાડા વિધાનસભા બેઠક પરથી વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૭ માં ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા. વર્ષ ૨૦૨૪ માં મહેશ વસાવાએ પોતાની પાર્ટી બીટીપી છોડીને ભાજપમાં જોડાવવાનો નિર્ણય લીધો હતો. ગાંધીનગર સ્થિત કમલમ ખાતે તેઓ ૫૦૦ થી વધુ કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા હતા. જો કે આ નિર્ણય તેમના પિતા છોટુ વસાવાની રાજકીય લાઈનથી વિપરીત હતો. જેના કારણે પિતા પુત્ર વચ્ચે મતભેદ પણ સામે આવ્યા હતા. ભાજપમાં જોડાયા બાદ માત્ર એક વર્ષમાં જ પાર્ટીની વિચારધારા અને કાર્યશૈલીથી અસંતોષ વ્યકત કરીને તેમણે ૯ મહિના પહેલા જ રાજીનામુ આપી દીધુ હતું. હવે કોંગ્રેસની જન આક્રોશ યાત્રા દરમિયાન મહેશ વસાવાનુ કોંગ્રેસમાં જોડાવવુ રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યુ છે. ગુજરાત કોંગ્રેસના પ્રવકતા અમિત નાયકે જણાવ્યુ હતુ કે જન આક્રોશ યાત્રા શરૂ થયા બાદ અનેક રાજકીય અને સામાજિક આગેવાનો કોંગ્રેસની વિચારધારાથી પ્રભાવિત થઈને પાર્ટી સાથે જોડાઈ રહ્યા છે. તેમણે વધુમાં કહ્યુ કે મહેશ વસાવા જેવા અનુભવી અને લોકપ્રિય નેતાનુ જોડાણ કોંગ્રેસ માટે મોટી તાકાત સાબિત થશે. કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનો બીજો તબકકો આજે મંગળવારે દાહોદના ગોવિંદ કંબોઈ ધામ ખાતે પુરો થયો હતો. ત્યારે મહેશ વસાવાનો કોંગ્રેસમાં જોડાવવુ ગુજરાતના રાજકારણમાં મહત્વપૂર્ણ વળાંક તરીકે જોવામાં આવી રહ્યુ છે. મહેશ વસાવાએ જણાવ્યુ હતુ કે ભાજપમાં જો મંત્રીઓના જ કામો થતા ન હોય તો ધારાસભ્યો પ્રજાના કામો કેવી રીતે કરાવી શકતા હશે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. તો બીજી તરફ ભાજપમાં સ્વમાન જળવાતુ ન હોય તે પાર્ટીમાં રહેવાથી કોઈ ફાયદો નથી. વધુમાં વસાવાએ જણાવ્યુ હતુ કે એસટી, એસસી અને ઓબીસી નો અવાજ બનવા માટે કોંગ્રેસમાં જોડાયો છું. ઉંમરગામથી અંબાજી સુધીના આદિવાસી સમાજના લોકો ભેગા થઈને આ ભાજપ સરકારને ઉખેડી ફેંકવાના છે.

# કોંગ્રેસ ભ્રષ્ટાચારની ફેકટરી હતી હાલમાં તેને બચાવવા આંદોલન ચાલે છે : જગદીશ વિશ્વકર્મા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ મનરેગાનુ નામ બદલીને વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન ગ્રામિણ (વીબી જી રામીજ) કરવામાં આવ્યુ છે. આ યોજનાને લઈને થયેલા વિવાદ મુદ્દે ગુજરાત ભાજપ ના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કહ્યુ હતુ કે એનડીએ સરકાર દેશની ૧૪૦ કરોડ જનતાની સુખાકારી માટે કામ કરે છે. મુગલો પછી અંગ્રેજો અને બાદમાં કોગ્રેસે આ દેશને લુંટયો, જગદીશ વિશ્વકર્માએ વધુમાં કહ્યુ હતુ કે વીબી જી રામીજ એ ગાંધી વિચાર સાથેની યોજના છે. તેમાં ૧૦૦ દિવસ રોજગારની ગેરંટી હતી.



હવે મોદી સરકાર ૧૨૫ દિવસની ગેરંટી આપી રહી છે. નવી યોજનામાં શ્રમિકોને સાપ્તાહિક વેતન મળશે. આ ઉપરાંત રીયલ ટાઈમ કામનુ અપડેટ પણ મળશે, મહાત્મા ગાંધીના મુખે ભગવાન રામનુ નામ હતુ, કોંગ્રેસને રામ પ્રત્યે કેમ વાંધો છે, પહેલા મુગલો પછી અંગ્રેજો અને બાદમાં કોંગ્રેસે આ દેશને લુંટયો છે. એનડીએ સરકારમાં કોઈ ભ્રષ્ટાચાર થયો નથી, વધુમાં તેમણે કહ્યુ કે ૧૯૮૦ માં બધી રોજગાર યોજના ભેગી કરીને ઈન્દીરા ગાંધીએ ચાલુ કરી હતી. ત્યારબાદ રાજીવ ગાંધીએ જવાહર રોજગાર યોજના નામ રાખ્યુ હતું. ડો. મનમોહનસિંહ અને સોનિયા ગાંધીએ જવાહરલાલ નહેરૂનુ નામ બદલીને મનરેગા રાખી દીધુ હતું. ભગવાન રામ ભારતમાં જન્મ્યા હતા છતાં કોંગ્રેસને કેમ વાંધો છે, કોંગ્રેસ ભ્રષ્ટાચારની ફેકટરી હતી. હાલમાં તેને બચાવવાનુ આંદોલન ચાલે છે, આ યોજના બાબતે સંસદમાં ચર્ચા થઈ ત્યારે રાહુલ ગાંધી ગેરહાજર હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ આ યોજનાને લઈને નિવેદન આપ્યુ હતું તેમણે કહ્યુ હતુ કે વડાપ્રધાન મોદીના દરેક નિર્ણયમાં નાનો માણસ કેન્દ્ર સ્થાને છે, વડાપ્રધાને સામાન્ય માણસોના વિકાસ માટે કામ કર્યુ છે. દેશમાં ૨૫ કરોડ ગરીબો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. ગ્રામીણ ગરીબો માટે આ નવી યોજના લાવવામાં આવી છે. ગ્રામ પંચાયત સુધી આખી ઈકો સિસ્ટમ ડેવલપ કરશે. નવી યોજનામાં ટેકનોલોજીનો ઉપયોગ થશે.